PEOPLES TRAINING & RESEARCH CENTRE

43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org.

# વર્ષ 2024-25નો વાર્ષીક અહેવાલ



વર્ષ 2024-25નો વાર્ષીક અહેવાલ

**સારાંશઃ**

**અહેવાલના સમયગાળા દરમીયાન સીલીકાના સંપર્કમાં આવેલા ૭૨૧ કામદારોને મળી તે પૈકી સીલીકોસીસના ૧૧૯ દર્દીઓને શોધી કઢાયા અને તે પૈકી ૩૮ના મોત થયા. વર્ષ ૨૦૨૩ - ૨૪ના આંકડા સાથેની સરખામણી નીચેના કોઠામાં જોઇ શકાશે**

| વર્ષ | કુલ સંપર્ક | સીલીકોસીસ દર્દી | સીલીકોસીસને કારણે મ્રુત્યુ |
|---|---|---|---|
| ૨૦૨૩ - ૨૪ | ૫૦૩ | ૧૦૩ | ૧૨ |
| ૨૦૨૪- ૨૫ | ૭૨૧ | ૧૧૯ | ૩૮ |
| બે વર્ષમાં કુલ | ૧૨૨૪ | ૨૨૨ | ૫૦ |

**આ બે વર્ષના આંકડા જોતાં જણાઇ આવી છે કે વર્ષ ૨૪ - ૨૫ દરમીયાન નવા કામદારોના સંપર્કમાં ૪૩%નો વધારો થયો અને કદાચ એ કારણે દર્દીઓની ઓળખમાં ૧૫%નો વધારો નોંધાયો. ૨૩ - ૨૪માં ૧૨ મ્રુત્યુ નોંધાયા હતા પણ ૨૪ - ૨૫ દરમીયાન ૩૮ મ્રુત્યુ નોંધાયા જે ૨૧૬%નો વધારો સુચવે છે.**

**આ દર્દીઓ મોટાભાગે સુરેંદ્રનગર અને મોરબી જીલ્લાના છે. એવું નથી કે ગુજરાતના બીજા જીલ્લાઓમાં સીલીકોસીસના દર્દીઓ નથી પણ સંસ્થા માત્ર આ બે જીલ્લાઓમાં સક્રીય હોવાને કારણે આવું ચીત્ર ઉભું થાય છે. વર્ષ દરમીયાન અમે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ સીલીકોસીસને કારણે થયેલા ૩૦ મ્રુત્યુ અને ૪૮ જીવીત કામદારો માટે બે ફરીયાદ દાખલ કરી. અગાઉના વર્ષમાં પણ અમે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ બે ફરીયાદો દાખલ કરી હતી જે સીલીકોસીસને કારણે થયેલા ૧૯ મ્રુત્યુ અને ૪૭ જીવીત કામદારો માટે હતી.**

**પંચ સમક્ષ અમારી ૧૫ ફરીયાદો નીકાલ માટે પડેલ છે જેમાં ૧૦૩ મ્રુત્યુ અને ૧૯૮ જીવીત કામદારોની વીગત આપેલ છે.**

**વર્ષ દરમીયાન સીલીકોસીસને કારણે મ્રુત્યુ પામેલા ૮ કામદારોના પરીવારોને રૂ.૧/- લાખની સહાય ગુજરાત સરકાર દ્વારા ચુકવવામાં આવી. આ માહિતી અધુરી હોવાની પૂરી શક્યતા છે.**

**કામદાર રાજ્ય વીમા કાયદા હેઠળ આવરી લેવાયેલા કામદારોને તેમને મળવાપાત્ર લાભો મેળવવામાં મદદ કરવાનું ચાલુ રાખ્યું. સીલીકોસીસના એક દર્દી પાસે ઉપલબ્ધ પાંગળા પુરાવાને આધારે અમે તેમને અપંગતા લાભ મળે તે માટે રજુઆતો કરી અને એક વર્ષ જેટલા સમય પછી અમને તેમાં સફળતા મળી. ગયા વર્ષના અહેવાલ સુધી તેને ચુકવણી કરવામાં આવી ન હતી. અમે રજુઆતો ચાલુ રાખતાં તેને ચુકવણી ચાલુ કરવામાં આવી પરંતુ દર્દી તા.૨૨/૦૪/૨૫ને રોજ અવસાન પામ્યા. હવે તેમના વિધવાને આશ્રીત લાભ મળે તે માટે રજુઆત ચાલુ કરી છે.**

**વર્ષ દરમીયાન અમે સીલીકોસીસ અંગે તેમજ બાંધકામ કામદારોની સલામતી અંગે પોસ્ટર, પત્રીકાઓ અને પુસ્તીકા પ્રગટ કર્યા. સીલીકોસીસના કામ માટે સંસ્થાને હાલ હ્યુમન કેપેબીલીટી ફાઉંડેશનનો ટેકો ચાલુ રહ્યો છે. બાંધકામ**

કામદારોની સલામતી અંગે અઝીમ પ્રેમજી ફાઉંડેશનના ટેકાથી એક પ્રોજેક્ટ પ્રયાસ સંસ્થાના સહકારમાં ૩ વર્ષ માટે લીધો હતો પરંતુ ધાર્યા મુજબના કામ થઇ શક્યા નહી તેથી ઓગષ્ટ, ૨૦૨૪માં પ્રોજેક્ટ બંધ કરી વધેલ નાણાં દાતાને પરત કર્યા.

સીલીકોસીસના દર્દીઓને ઓક્સીજન કોંસન્ટ્રેટર, નેબ્યુલાઇઝર કે ટોઇલેટ સીટ જેવા સાધનોની મદદ પહોંચાડવાનું આપણે ચાલુ રાખ્યું છે. સીલીકોસીસને કારણે મ્રુત્યુ પામેલા કામદારોના કુટુંબોને ગુજરાત સરકાર તરફથી અપાતી આર્થીક સહાય મેળવી આપવામાં અમે મદદ કરીએ છીએ. વર્ષ દરમીયાન જાગુતી અને હીમાયત માટે ઘણા કાર્યક્રમો કર્યા. માધ્યમો તરફથી અમને વર્ષ દરમીયાન ઘણો સહકાર મળ્યો જે પ્રકાશીત અહેવાલોની યાદી જોતાં સમજાઇ શકે છે.

નાણાંકીય વર્ષ ૨૩ - ૨૪ના અંતભાગમાં - ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ને રોજ અમે ગુજરાતને જાણીતા માનવ અધીકારો માટે સતત લડત આપનારા અને હાલના ગુજરાત પીયુસીએલના પ્રમુખ નીર્ભીક વકીલ શ્રી આનંદ યાજ્ઞીક દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં સીલીકોસીસ મુદ્દે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૧૭માં અપાયેલ એક હુક્મનું પાલન રાજ્ય સરકાર કરતી નથી તે મુદ્દે સંસ્થા અને બીજા ૧૯ અરજદારોએ એક અરજી દાખલ કરી પણ વર્ષ પુરું થાય ત્યાં સુધી એ સ્પષ્ટ થયું ન હતું કે એ અરજી કોર્ટ સ્વીકારશે કે કેમ તેથી તે વર્ષના અહેવાલમાં તેનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું. આનંદભાઇએ આ અરજી પેટે કોઇ ફી ન લેવાનો નીર્ણય કર્યો તેથી જ આ અરજી કરવાની હીંમત અમે કરી શક્યા. આ અહેવાલના સમયગાળા દરમીયાન ૩૧ મુદત પડી પણ વર્ષના અંત સુધી અરજી દાખલ કરવા બાબત કોઇ હુકમ થયો ન હતો. જો કે આ લખાય છે ત્યારે આ બાબત ઘણી પ્રગતી થઇ છે જેનું વિવરણ આગામી વાર્ષીક અહેવાલમાં આપી શકાશે.

વીગતવાર અહેવાલ:

વર્ષ દરમિયાન અમે વિવિધ ઓન લાઇન બેઠકોમાં ભાગ લીધો.

| No | Subject/Organization | Date |
|---|---|---|
| 1 | NAPM | 12/04/24 |
| 2 | ANROEV | 14/04/24 |
| 3 | ABAN | 25/04/24 |
| 4 | ANROEV | 08/05/24 |
| 5 | Status of workers in independent India - lecture presented in online meeting | 11/05/24 |
| 6 | Safe in India Foundation | 17/05/24 |
| 7 | LG Accident group | 12/07/24 |
| 8 | AAGIVEEKA | 16/07/24 |
| 9 | Safe in India Foundation | 19/07/24 |

| | | |
|---|---|---|
| 10 | ANROEV | 06/08/24 |
| 11 | OEHNI | 18/08/24 |
| 12 | ANROEV | 29/08/24 |
| 13 | Silicosis group | 09/09/24 |
| 14 | LG Accident group | 19/09/24 |
| 15 | ANROEV | 25/09/24 |
| 16 | Silicosis group | 19/10/24 |
| 17 | IIPH Training | 08/12/24 |
| 18 | WPC Yatra planning | 23/12/24 |
| 19 | MFC Annual meeting planning | 23/12/24 |
| 20 | ANROEV | 30/12/24 |
| 21 | DHATRI online silicosis training | 07/01/25 |
| 22 | CMC Vellore | 23/01/25 |
| 23 | ABAN meeting | 29/01/25 |
| 24 | ANROEV | 07/02/25 |
| 25 | WPC Yatra meeting | 08/02/25 |
| 26 | MFC Feedback meeting | 27/02/25 |
| 27 | Attended online lecture by Dr.Ritu Priya | 27/02/25 |
| 28 | ANROEV | 03/03/25 |
| 29 | OEHNI Pune meeting participants | 06/03/25 |
| 30 | MFC OHS Group | 14/03/25 |
| 31 | CMC Vellore students -gave presentation | 17/03/25 |
| 32 | CMC Vellore students | 24/03/25 |

| | | |
|---|---|---|
| 33 | ANROEV | 25/03/25 |

**વર્ષ દરમિયાન વિવિધ મુદ્દે આપણે જુદા જુદા સત્તાધિકારીઓને રજુઆતો કરી  જેની વિગત નીચેના કોઠામાં જોવા મળશે**

| અનુ | તારીખ | કોને કરી | વિષય |
|---|---|---|---|
| ૧ | 05/04/24 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ કમીશ્નર, ગુજરાત રાજ્ય | સીલીકોસીસ નિદાન |
| ૨ | 08/04/24 | કલેક્ટર, મોરબી | સીલીકોસીસ દર્દીઓની માગણીઓ |
| ૩ | 17/04/24 | અગ્રસચીવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજ્ય | સીલીકોસીસ દર્દીઓને રાહત આપવા બાબત |
| ૪ | 30/05/24 | કલેક્ટર, મોરબી | તા.૦૮/૦૪/૨૪ને રોજ આપેલ આવેદનપત્ર સંદર્ભે પગલાં લેવા બાબત |
| ૫ | 30/05/24 | સીડીએચઓ, મોરબી | દર્દીઓને હેલ્થ કાર્ડ કાઢી આપવા બાબત |
| ૬ | 30/05/24 | સીવીલ હોસ્પીટલ, મોરબીના સુપ્રીટેંડંટ | દર્દીઓને ઓળખ કાર્ડ કાઢી આપવા બાબત |
| ૭ | 08/06/24 | મુખ્યમંત્રી, ગુજરાત | માગણીઓ |
| ૮ | 09/06/24 | જાહેર વિતરણ વિભાગના મંત્રી, ગુજરાત રાજ્ય | સીલીકોસીસ દર્દીઓને અંત્યોદય કાર્ડા કાઢી આપવા બાબત |
| ૯ | 10/06/24 | મંત્રીશ્રી,  સમાજ કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય | સીલીકોસીસ દર્દીઓની માગણીઓ |
| ૧૦ | 10/06/24 | મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત | માગણીઓ |
| ૧૧ | 10/06/24 | મંત્રીશ્રી,  સમાજ કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય | માગણીઓ |
| ૧૨ | 10/06/24 | મજુર કમીશ્નર, ગુજરાત | દાવેદારોને પડતી મુશ્કેલીઓ |
| ૧૩ | 11/06/24 | ડીશ કચેરી, મોરબી | ૯ સીલીકોસીસ દર્દીઓને વળતર અપાવવા બાબત |
| ૧૪ | 24/09/24 | ડીશ કચેરી, રાજકોટ | કારખાના કાયદાના અસરકારક પાલન બાબત |
| ૧૫ | 09/12/24 | સીડીએચઓ, મોરબી | સીલીકોસીસ દર્દીઓની ઓક્સીજન મશીન પુરા પાડવા બાબત |

| | | | |
|---|---|---|---|
| 16 | 26/12/24 | કલેક્ટર, મોરબી | |
| ૧૭ | 26/12/24 | સીડીએચઓ, મોરબી | મોરબી સીવીલ હોસ્પીટલમાં સીલીકોસીસના નિદાનની વ્યવસ્થા બાબત |
| ૧૮ | 07/01/25 | કલેક્ટર, મોરબી | |
| ૧૯ | 13/01/25 | સર્ટીફાઇંગ સર્જન, રાજકોટ | |
| ૨૦ | 15/01/25 | જીલ્લા બાળ સુરક્ષા અધીકારી, સુરેંદ્ર નગર | સીલીકોસીસથી પીડાત બાળમજુર બાબત |
| ૨૧ | 26/01/25 | ગુજરાત લીગલ સર્વીસ ઓથોરીટી, ગાંધીનગર | મોરબીમાં સીલીકોસીસ દર્દીને એવા આપવા બાબત રજુઆત |
| ૨૨ | 26/01/25 | આઇ કે જાડેજા, ભાજપના આગેવાન | ગુજરાત સરકારમાં સીલીકોસીસ અંગે રજુઆત કરવા વિનંતી |
| ૨૩ | 05/02/25 | અગ્ર સચીવ, શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર | સંસ્થનો પરિચય |
| ૨૪ | 06/02/25 | ડીશ, મોરબી | સીલીકોસીસ દર્દીની અપંગતા ૧૦૦% ગણાવા બાબત |
| ૨૫ | 10/02/25 | અગ્ર સચીવ, શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર | સીલીકોસીસ દર્દીઓ માટે પુનઃવસ્ન નિતિ ઘડવા બાબત |
| ૨૬ | 18/02/25 | અગ્ર સચીવ, શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર | |
| ૨૭ | 27/02/25 | મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર | મુલાકાત આપવા બાબત |
| 28 | 19/03/25 | જી એમ ઇ આસ એસ, મોરબી | |
| ૨૯ | 23/03/25 | કલેક્ટર મોરબી | ગુજરાત વિધાનસભામાં પુછયેલ સવાલ સંદર્ભે મોરબીના સીલીકોસીસ દર્દીઓની યાદી પુરી પાડવા બાબત |

**સીલીકોસીસ પીડીતને મદદઃ**

એક દિવસ ફોનની ઘંટી વાગતાં ઉપાડ્યો. સામે કોઇ બહેન હતાં. બહુ ક્ષીણ અવાજ હતો. ખંભાતથી બોલતાં હતાં. સીલીકોસીસ પીડીત હતાં અને તેમના પતિ અપંગ હતા. તાત્કાલીક મદદની જરુર હતી. આપણે એમને એક મહીનાનું રેશન તરત ભરાવી

આપ્યું અને તે પછી એક ધર્માંદા સંસ્થા સાથે તેમનો મેળાપ કરી આપ્યો જેથી તેમને દર મહીને મદદ મળતી રહે. પછી એક વાર તેમની રુબરુ મુલાકાત લેતાં પરિસ્થિતિની ગંભીરતા સમજાઇ.

**મુલાકાત:**

1. ૧૪ એપ્રીલને રોજ ગાંધીનગરની મુલાકાત લીધી. ગુજરાત સરકારે સીલીકોસીસને કારણે અવસાન પામતા કારીગરોના કુટુંબીજનો માટે રુ. ૧ લાખની યોજના ૨૦૧૪માં બનાવી હતી તેમાં ફેરફાર કરી રકમ રુ. ૪ લાખ કરી તે ઠરાવની નકલ મેળવી. તેજ દિવસે શ્રમ અને રોજગાર વિભાગમાં જઇ વડોદરા ઇ.એસ.આઇની મેડીકલ અપીલ ટ્રીબ્યુનલની રચના કરવા માટે લેખીત રજુઆત આપી. તે પછી આરોગ્ય વિભાગમાં જઇ સીલીકોસીસ પીડીતોને સરકારી આરોગ્ય સેવા દ્વારા ઓક્સીજન કોંસન્ટ્રેટર પુરા પાડવાની માગણી કરી. વળતાં એન.આઇ.ઓ.એચની મુલાકત લઇ ડો. મીહીર રુપાણી અને અન્ય વૈજ્ઞાનીકો સાથે ચર્ચા કરી.

2. ૩૦ એપ્રીલે ધ્રાંગધ્રામાં પત્રકાર અખીલેશ પાંડે સાથે સ્ટોનપાર્કની મુલાકાત લીધી. સ્ટોન પાર્ક ગુજરાત સરકારે પત્થરમાંથી મુર્તી બનાવવાની તાલીમ આપવા સ્થાપેલી સંસ્થા છે. આ તાલીમ સંસ્થાના નિયામકશ્રી અને અન્ય અધ્યાપકો સાથે પત્થરમાંથી મુર્તી બનાવવા દરમિયાન ઉડતી ધુળને કારણે થતા સીલીકોસીસ અંગે ચર્ચા કરવામાં આવી.

3. ૧૦ જુનને દિવસે અમે અન્ન સુરક્ષા અને પુરવઠા વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાને મળ્યા અને સીલેકોસીસના દર્દીઓને અંત્યોદય કાર્ડ મળે તે માટે રજુઆત કરી. મંત્રીશ્રીએ સદર માગણી અંગે સહાનુભુતી વ્યક્ત કરી અને બીજે દિવસે મળનારી બેઠકની કાર્યસુચીમાં આ મુદ્દાને ઉમેરવાની સુચના આપી. અમને જણાવવામાં આવ્યું કે આ રોગ ગંભીર છે કે નહિ તે અંગે આરોગ્ય વિભાગ પાસે અભીપ્રાય મેળવવામાં આવશે. તે પછી અમે મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને સમાજ કલ્યાણ મંત્રીના કાર્યાલયની પણ મુલાકાત લીધી અને આવેદન પત્રો જમા કરાવ્યા. જો કે તેનો કોઇ જવાબ અમને તેમના તરફથી મળ્યો નથી.

4. ગુજરાત અન્ન સુરક્ષા અભીયાનના આગેવાનો સાથે અમે ૧૦ જુલાઇએ ગાંધીનગર જાહેર વિતરણ વિભાગના સચીવ સાથેની બેઠકમાં જોડાયા જ્યાં સીલીકોસીસના દર્દીઓને અંત્યોદય કાર્ડ આપવા બાબત રજુઆત કરવામાં આવી.

5. અમદાવાદમાં ૨૦ જુલાઇએ ડો.દુર્ગેશ મોદીની મુલાકાત લઇ તેમને સંશથાના પ્રકાશનો ભેટ આપ્યા

6. ૯ ઓગષ્ટને દિવસે દીલ્હી ખાતે "પાર્ટનર્સ ઇન ચેંજ" નામની સંસ્થાની મુલાકાત લીધી અને સંસ્થાના કાર્યકરો સાથે વાર્તાલાપ કર્યો.

7. ૨૧ સપ્ટેમ્બરને દિવસે વડોદરા ખાતે વડોદરા મેડીકલ કોલેજના નિવૃત્ત અધ્યાપક ડો. વિહંગ મજમુદારની શુભેચ્છા મુલાકાત લઇ સંસ્થાના પ્રકાશનો ભેટ આપ્યા

8. ૫ નવેમ્બરને દિવસે પાદરા તાલુકાના ડબકા ગામની મુલાકાત લઇ સીલીકોસીસ પીડીત અને તેના કુટુંબ સાથે ચર્ચા કરી.

9. ૨ જાન્યુઆરી, ૨૫ને દિવસે મોરબીની સીવીલ હોસ્પીટલના ફીઝીયોથેરાપી વિભાગના વડા ડો. રાવલની મુલાકાત લીધી અને સીલીકોસીસ દર્દીઓને ત્યાં ફીઝીયોથેરાપી મળી શકે કે કેમ તેની શક્યતા તપાસી. તે ઉપરાંત હોસ્પીટલના રેસીડંટ મેડીકલ ઓફીસરની મુલાકાત લઇ સીલીકોસીસ દર્દીઓને પડતી મુશ્કેલીઓની વાત કરી. તે પછી સીડીએચઓની મુલાકાત લઇ રજુઆત કરી. બપોર બાદ જીલ્લા ક્ષય અધીકારીની મુલાકાત લીધી.

10. ૨ જાન્યુઆરીએ ધ્રાંગધ્રા ખાતે ખાનગી દવાખાનું ચલાવતા ડો. રમેશ રાવલની શુભેચ્છા મુલાકાત લીધી અને સંસ્થાના સીલીકોસીસ દર્દીઓ શોધવાના કામમાં સહકાર આપવા અપીલ કરી.

11. ૪ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે ડો. વિનોદ રાવ, સચીવશ્રી, શ્રમ અને રોજગારની મુલાકાત લઇ સંસ્થાનો પરીચય આપ્યો. સીલીકોસીસ પીડીતો માટે પુન:વસ્ન નિતી ઘડવાની રજુઆત કરી.

12. ૨૪ માર્ચને દિવસે વડોદરાની સંસ્થા સેંટર ફોર કલ્ચર એંડ ડેવલપમેંટની મુલાકાત લીધી, નિયામકશ્રીને સંસ્થાનો પરિચય આપી પ્રકાશનો ભેટ આપ્યા.

**તાલીમ/વાર્તાલાપ**

1. આજીવીકા બ્યુરો દ્વારા અમદાવાદ ખાતે ૮ જુલાઇએ તેમના ફેલો માટે રાખેલી તાલીમમાં કામને સ્થળે સલામતી અને આરોગ્ય અંગે તાલીમ આપી જેમાં મુખ્ય મુદ્દો સલામતીના સાધનોથી આગળ વધીને સલામતીના ક્યા મુદ્દા છે તેની ચર્ચા હતી.

2. ૨૩ જુલાઇને રોજ અમદાવાદથી વરીષ્ઠ પત્રકાર શ્રી સંજય દવે તેમના વિધ્યાર્થીઓ સાથે આવ્યા તેમની સમક્ષ વાર્તાલાપ આપ્યો.

3. અમેરીકામાં વ્યવસાયીક આરોગ્ય ક્ષેત્રે પહેલ કરનાર ડૉ. એલીસ હેમેલ્ટનની આત્મકથા અંગે તા.૨૪/૦૧/૨૫ને દિવસે "સાહિત્ય સમીપે"માં વાર્તાલાપ આપ્યો

**ઇ.એસ. આઇ અંગેના કામ**

૧. ૧૨ જૂનને દિવસે ધ્રાંગધ્રામાં કામ કરતા આપણા કાર્યકર શ્રી નવીનભાઇએ સીલીકોસીસ દર્દી દીનેશ ભકતીરામ ચૌહાણની



અપંગતા લાભની કામદાર રાજ્ય વિમા નીગમ માપ્સે લાંબા સમયથી અનીર્ણીત પડેલી અરજી અંગે રજુઆત કરવા અમદાવાદ ખારે દીનેશભાઇના પત્ની સાથે કા.રા.વિ, નીગમના કાર્યાલયમાં યોજયેલ સુવીધા સમાગમમાં ભાગ લીધો

૨. વડોદરા ખાતે ૩૦ ઓક્ટોબરને રોજ યોજાએલ સુવીધા સમાગમમાં ભાગ લઇ જગદીશ પટેલે વિમા કામદારો વતી ફરીયાદો રજૂ કરી

૩. વડોદરા ખાતે ૫ માર્ચને રોજ યોજાએલ સુવીધા સમાગમમાં ભાગ લઇ વિમા કામદારો વતી રજૂઆત કરી.

૪. થાનગઢના ૮ સીલીકોસીસ દર્દીઓને તા.૨૦/૦૧/૨૫ને દિવસે ઇએસઆઇ હોસ્પીટલ, બાપુનગર, અમદાવાદ ખાતે તપાસ માટે બોલાવવામાં આવ્યા જ્યાં તેમના છાતીના એક્સરે, પી એફ ટી જેવા ટેસ્ટ કરવામાં આવ્યા પરંતુ આ લખાય છે ત્યાં સુધી કોઇને અપંગતા લાભ ચુકવવામાં આવ્યો નથી. મૌખીક જવાબ એવો અપાય છેકે ફાઇલ દિલ્હી મોકલવામાં આવી છે.

**ભાગ લીધો:**

૧. ૨૨ જૂનને દિવસે સુરત ખાતે સરદાર વલ્લભભાઇ નેશનલ ઇંસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા બાંધકામ કામદારોની સલામતી માટે યોજાયેલ બેઠકમાં ભાગ લીધો અને બાંધકામ કામદારોને થઇ શકતા વ્યવસાયજન્ય રોગો વીશે વાત કરી

૨. સેઇફ ઇન ઇંડીયા દ્વારા તા. ૮ અને ૯ ઓગષ્ટ્ને રોજ દિલ્હી ખાતે આયોજીત બેઠકમાં ભાગ લીધો

૩. દિલ્હી ખાતી જાગોરી સંસ્થા દ્વારા ઘરકામ કરનારી બહેનો અંગે રાખેલ બેઠકમાં ૨૨ અને ૨૩ ઓગષ્ટે ભાગ લીધો અને ૨૩ ઓગષ્ટે આ બહેનોના વ્યવસાઅયીક રોગો અને સલામતી અંગે વાત કરી.

૪. ૨૪ ઓગષ્ટે દિલ્હી ખાતે ગાંધી પીસ ફાઉંડેશન ખાતે યોજાયેલ જન સ્વાસ્થ્ય અભિયાનની બેઠકમાં ભાગ લીધો.

૫. અમદાવાદ ખાતે ૧૪ સ્પ્ટેમ્બરને રોજ કામદાર સંઘો તેમજ કામદારો સાથે કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા લેબર કોડ પર રાખેલ બેઠકમાં ભગ લઇ, ઓ.એચ.એસ કોડ પર વાત કરી

૬. ૨૪ નવેંબરે બનાસકાંઠાના રતનપુરની લોકનીકેતન સંસ્થામાં યોજાયેલ તાલીમમાં ભાગ લીધો

૭. ઉન્નતી સંસ્થા દ્વારા વડોદરા ખાતે ૨૯ નવેંબરે ડીઝાસ્ટાર મેનેજમેંટ પર યોજાયેલ બેઠકમાં ભાગ લીધો

૮. ભોપાલ ખાતે ૧૯૮૪ની ભોપાલ દુર્ઘટના અંગે તા. ૨થી ૫ ડીસેમ્બર દરમીયાન યોજાયેલ વીવીધ કાર્યક્રમોમાં ભાગ લીધો. એક સભામાં અતિથી વિશેષ તરીકે વાત કરી

૯. ભોપાલના ગાંધી ભવન ખાતે સોચારા સંસ્થા દ્વારા તા. ૫ ડીસેંબરે યોજાયેલ બેઠકમાં ભાગ લઇ દેશમાં વ્યવસાયીક આરોગ્ય અંગેની સાંપ્રત સ્થીતી પર વાત કરી

૧૦. ૨૦ ફેબ્રુઆરીએ ભોપાલ ખાતે જન સ્વાસ્થ્ય અભિયાનના કાર્યકરોની બેઠકમાં ભાગ લીધો

૧૧.ભોપાલ ખાતે ૨૧ -૨૩ ફેબ્રુઆરી દરમીયાન યોજાયેલ મેડીકો ફ્રેંડ સર્કલની બેઠકમાં ભાગ લીધો. સીલીકોસીસ પરના એક સત્રનું સંચાલન કર્યું. આ બે દિવસ દરમીયાન દેશભરમાંથી અનેક સભ્યોએ ભાગ લીધો. છેલ્લ દિવસે વ્યવસાયીક આરોગ્યમાં વિશેષ રસ હોય તેવા લોકોનું ગ્રુપ બન્યું જેમાં દેશની જાણીતી મેડીકલ કોલેજ્ના વિધ્યાર્થીઓ જોડાયા. હવે આ જુથ ભવિષ્યમાં વ્યવસાયીક આરોગ્યના મુદ્દઓ પર કામ કરશે.

૧૨. સેવા દ્વારા અમદાવાદ ખાતે અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતી મહીલા કામદારોના વ્યવસાયીક આરોગ્યના મુદ્દાઓ પર જુદા જુદા પાંચ દેશમાં કામ કરવાના તેમના નવા પ્રોજેક્ટ અંગે રાખેલ બેઠકમાં ૧૮ માર્ચને દિવસે ભાગ લીધો

**મુલાકાતીઓ:**

1. ૨૭થી ૩૦ એપ્રીલ દરમીયાન દિલ્હીથી કેરેવાન મેગેઝીનના પત્રકાર શ્રી અખીલેશ પાંડે મુલાકાતે આવ્યા. અમે તેમને રાજકોટ, થાન, મોરબી અને ધ્રાંગધ્રા લઇ ગયા અને સીલીકોસીસ પીડીતોની મુલાકાત કરાવી. તેને આધારે તેમણે લખેલ લેખ કેરેવાન મેગેઝીનમાં પ્રકાશીત થયો.

2. દિલ્હીથી ૧ સપ્ટેંબરે એસ્બેસ્ટોસ અને મેસોથેલીઓમા અંગેના પોતાના સંશોધન સંદર્ભે ડો.રાજા સીંઘ મળવા આવ્યા.

**આયોજન કર્યું:**

1. ૨૮ એપ્રીલે આંતર્રાષ્ટ્રીય કામદાર સ્મ્રુતી દિવસ નીમીત્તે થાનગઢ ખાતે અમે કાર્યક્રમનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં સીલીકોસીસ દર્દીઓ, મ્રુત્યુ પામેલા સીલીકોસીસ દર્દીઓના કુટુંબીજનો, કામદારો અને અન્ય નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા.

2. ૧૯ જૂનને દિવસે વાંકાનેરના હસનપુર ખાતે સીલીકોસીસ માટે એક નિદાન કેંપનું આયોજન કર્યું. આ કેંપમાં અમારી સાથે બે ટ્રસ્ટીઓ ડો.જગદીશ પરીખ તેમજ શ્રી રમેશ પટેલ જોડાયા.

3. ૨૦ જૂનને દિવસે મોરબી ખાતે પત્રકારોને મળવાનો ઉપક્રમ ગોઠવ્યો જેમાં મોરબીમાં સીલીકોસીસની સ્થિતી વિશે માહિતી આપી.

4. ૨ જૂલાઇએ ખંભાત ખાતે સીલીકોસીસ દર્દીઓ સાથે બેઠક કરી.

5. ૨૦ જૂલાઇએ અમદાવાદ ખાતે અઝીમ પ્રેમજી ફાઉંડેશન દ્વારા ટેકો કરાયેલ પ્રોજેક્ટ હેઠળ  પ્રયાસ સંસ્થા સાથે બાંધકામ કામદારો માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું.

6. ઓહેની નેટવર્કના ભાગ્રુપે પૂણે ખાતે તા. ૧૧/૧૨ ડીસેંબરના રોજ વ્યવસાયીક આરોગ્ય અંગે બેઠકનું આયોજન કર્યું. સદર બેઠકનો સ્વતંત્ર અહેવાલ વિનંતી કરતાં આપી શકાશે. .

7. રાજકોટની શેઠ ફીઝીયોથેરાપી કોલેજના સંયુક્ત ઉપક્રમે મોરબી ખાતે સીલીકોસીસ દર્દીઓ માટે ફીઝીયોથેરાપી કેંપનું તા. ૧/૦૧/૨૫ને રોજ આયોજન કર્યું જેમાં મોરબી, ધ્રાંગધ્રા અને થાનગઢના દર્દીઓએ ભાગ લીધો. કેંપનો વીગતવાર અહેવાલ નીચે આપેલ છે.

8. ૨ જાન્યુઆરીએ મોરબી ખાતે સીલીકોસીસ પીડીતો સાથે બેઠક કરી.

**દાન**

1. અમને વડોદરાના શ્રી જાગ્રુત ગાડીત તરફથી એક ઓક્સીજન કોંસ્ન્ટ્રેટર ભેટ મલ્યું જે થાનગઢના સીલીકોસીસ દર્દીઓને કામ લાગે છે.

2. અમને મોરબીના શ્રી બ્રીજેશ રણસરીયા તરફથી ડેસ્કટોપ કોંપ્યુટર ભેટ મળ્યું.

3. એક અજાણ્યા દાનવીર તરફથી અમને સીલીકોસીસ દર્દીઓ માટે ૧૦૦ સ્પાયરોમીટર ભેટ મળ્યા જે અમે મોરબી, થાનગઢ અને ધ્રાંગધ્રાના દર્દીઓને આપ્યા.

**પીડીતોને સંગઠીત કરવાનું કામ**



પીડીતોને સંગઠીત કરવાના કામમાં અમે આ સમયગાળામાં થોડું વધુ ધ્યાન આપ્યું. અમે સ્ટાફ સાથે આઠવાડીયે એક વાર ઓન લાઇન મીટીંગ શરુ કરી, શું કામ કરવાનું છે તેનું સતત સ્મરણ કરાવતા રહ્યા. અમે એમને દરેક અઠવડીયામાં કરવાના કામનું આગોતરું આયોજન કરવા પ્રોત્સાહીત કરતા રહ્યા. વળી, આગળના અઠવાડીયામાં તૈયાર કરેલ આયોજનનું અમલીકરણ બાબતે પણ ચર્ચા કરતા રહ્યા.



તે કારણે આ ગાળામાં ૩ કેંદ્રોમાં પીડીતો સાથે ૨૦ બેઠકો આયોજીત કરી શક્યા જેમાં ૧૨૦ પીડીતોએ હાજરી આપી. જરુર પડી ત્યાં અમે પીડીતોને મુસાફરી ખર્ચ પુરો પાડ્યો અને નાસ્તો પણ પીરસ્યો. આ બેઠકોમાં તેમની સમસ્યાઓની ચર્ચા કરવામાં આવતી અને તે દૂર કરવા માટે શાં પગલાં લેવા તેનું આયોજન કરવામાં આવતું. ક્યા સરકારી અધીકારીની મુલાકાત લેવી છે તે તેઓ નક્કી કરતા અને અમારી મદદથી આયોજન કરતા.

**ઓક્સિજન કોન્સન્ટ્રેટર:**


હાલમાં અમારી પાસે ૩ ઓક્સિજન કોન્સન્ટ્રેટર ઉપયોગમાં છે. અમને ભણસાલી ટ્રસ્ટ તેમજ વડોદરાના એક વ્યક્તિ તરફથી દાનમાં આ મળ્યા છે.

અમને મળેલા કુલ ૧૦માંથી ૭ ને સમારકામની જરૂર છે અને ઉપયોગમાં નથી.

વધુમાં, અમને રેડ ક્રોસ, અમદાવાદ તરફથી એક કોન્સન્ટ્રેટર મળ્યું છે.

મોરબીમાં આરોગ્ય વિભાગ દ્વારા પાંચ દર્દીઓને ૫ કોન્સન્ટ્રેટર આપવામાં આવ્યા છે.

**બાળમજૂર**



જાન્યુઆરીમાં અમને સુરેન્દ્રનગર જિલ્લાના એક નાના ગામમાં એક પથારીવશ દર્દી મળ્યો. તેને સિલિકોસિસ હોવાનું નિદાન થયું. જ્યારે અમે વધુ વિગતો માંગી, ત્યારે અમને જાણવા મળ્યું કે તે 16 વર્ષનો છોકરો હતો. તેના પિતાએ કહ્યું કે તેની પત્ની કેન્સરથી પીડાઈ રહી છે અને તેની સારવાર માટે તેના પર ભારે દેવું હતું. તેથી, તેને તેના પુત્રને કમાવવા માટે મોકલવાની ફરજ પડી. તે એક સિરામિક યુનિટમાં નોકરી કરતો હતો જ્યાં તેને સિલિકાના સંપર્કમાં આવ્યો. તેણે 14 વર્ષની ઉંમરથી કામ કરવાનું શરૂ કર્યું.

**જેમણે મજૂરી ન કરી હોય તેવી વ્યક્તીને સીલીકોસીસ**



તેઓ એક ગૃહિણી છે. તેમના પતિ એક સિરામિક ફેક્ટરીમાં નોકરી કરતા હતા. તેમને રહેવા માટે ફેક્ટરી પરિસરમાં એક ઓરડો આપવામાં આવ્યો હતો. બેનને ખભા પર ગાંઠ થઈ ગઈ હતી તેથી તેઓ ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે તેમને એક્સ-રે માટે રીફર કર્યા. તેમને જાણ કરવામાં આવી કે ગાંઠ ટીબીની હોઈ શકે છે પરંતુ તેમની છાતીના એક્સ-રેમાં અસામાન્ય અપારદર્શકતા દેખાઈ રહી હતી. તેમને સિલિકોસિસ હોવાનું નિદાન થયું. આ જાણીને દંપતીને મોટો આંચકો લાગ્યો. તેમણે અમને જણાવ્યું કે પાવડરના રૂપમાં કાચો માલ લાવનારા ટ્રકો દિવસ અને રાત તેમના રૂમની સામે ઉતારવામાં આવતા હતા. રૂમની અંદર ધૂળ સતત ઉડ્યા કરતી હતી. તેમને ખબર નહોતી કે તે આટલું ખતરનાક નીવડશે.  નિદાન થતાં, દંપતી નોકરી છોડીને વડોદરા જિલ્લામાં તેમના વતન ગયા.



મોરબીના મોટાભાગના એકમો કામદારોને રહેવા માટે અંદર  રૂમ પૂરા પાડે છે. ત્યાં તેમના કમાતા સભ્યો સાથે પરિવારના સેંકડો સભ્યો રહેતા હોવા જોઈએ. પરિવારના કેટલા સભ્યો આ ભયાનક રોગથી પીડાતા હશે તે એક રહસ્ય છે.

રાજ્ય પાસે કોઈને પણ ફેક્ટરી પરિસરમાં રહેવાની મંજૂરી ન આપવા માટે નીતિ અથવા કાનૂની જોગવાઈ હોવી જોઈએ.

**એક રાજકીય નેતાનો ટેકો:**

ધ્રાંગધ્રા એક એવું શહેર છે જ્યાં મોટી સંખ્યામાં કામદારો પથ્થરો કોતરીને મૂર્તિઓ ઘડવાનું કામ કરે છે. આ એક અસંગઠિત ઉદ્યોગ છે, જોકે કેટલાક કારખાનાઓ મોટી સંખ્યામાં કામદારોને રોજગારી આપે છે. પરંતુ આ એકમો ફેક્ટરી એક્ટ કે ESI એક્ટ હેઠળ નોંધાયેલા નથી. ગુજરાત સરકાર દ્વારા એક જાહેરનામું પ્રકાશિત કરવામાં આવ્યું છે કે જો કામમાં સિલિકાના સંપર્કનો સમાવેશ થાય તો, ભલે એક કામદાર હોય, ફેક્ટરી એક્ટ હેઠળ લાવવામાં આવે. આ જોગવાઈ અહીં લાગુ કરવામાં આવતી નથી. તેથી, અહીં કામદારોને ન તો રક્ષણ આપવામાં આવે છે કે ન તો તેમને કોઈ સામાજિક સુરક્ષા આપવામાં આવે છે.

શ્રી આઈ.કે.જાડેજા શાસક પક્ષના રાજકીય નેતા છે. તેમણે લાંબા સમય સુધી આ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને મંત્રી પણ હતા. તેમના શરૂઆતના જીવનમાં, તેઓ ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ, જે શહેરની એક વિશાળ કેમિકલ ફેક્ટરી છે, માં કાર્યરત હતા. આ પ્રદેશની આ એકમાત્ર ફેક્ટરી છે. તેઓ સલામતી વિભાગમાં હતા. એક સામાન્ય સંપર્ક દ્વારા અમે તેમની મદદ માંગવા માટે તેમનો સંપર્ક કર્યો. અમારા સામાન્ય મિત્રએ તેમની સાથે ફોન પર વાત કરી અને અમે મોકલેલી અપીલ પર ધ્યાન આપવા વિનંતી કરી. તેમણે તે જોયું અને માત્ર સંમત થયા જ નહીં, પરંતુ તેમના લેટરહેડ પર એક ભલામણ લખીને શ્રમ અને રોજગાર મંત્રીને મોકલી. ત્યારબાદ તેમણે કામદારોને પડતી અન્ય કોઈપણ સમસ્યાઓ રજૂ કરવા માટે તેમને મળવાનું આમંત્રણ આપ્યું.

**"કારવાં"માં પ્રગટ અહેવાલ:**

"કારવાં" એક પ્રતિષ્ઠિત મેગેઝિન છે. શ્રી અવીનાશ પાંડે તેમના ફોટોગ્રાફર સાથે અમારી મુલાકાતે આવ્યા હતા અને ગયા એપ્રિલમાં રાજકોટ, થાન, મોરબી અને ધ્રાંગધ્રાની મુલાકાત લઈને 3 દિવસ અમારી સાથે રહ્યા હતા. તેમનો "ગૂંગળામણથી મૃત્યુ - ભારતના ઉદ્યોગોમાંથી સિલિકા ધૂળ તેના કામદારોને મારી રહી છે" નામનો 29 પાનાનો અહેવાલ મેગેઝીનના સપ્ટેમ્બર અંકમાં પ્રકાશિત થયો હતો. આ વાર્તામાં રાજકોટ, મોરબી અને થાનગઢના ગુજરાતમાં સિલિકોસિસના દર્દીઓની નોંધ લેવામાં આવી છે. અહેવાલ સાથે, તેમણે એક દસ્તાવેજી ફીલ્મ પણ બનાવી જેમાં ગુજરાતના ઇન્ટરવ્યુ પણ છે.

**માલીકોના સંગઠન દ્વારા થાન્સીમાં સીલીકોસીસ માટે નિદાન કૅંપ:**

થાનગઢમાં માલીકોના સંગઠને ભારે દબાણ હેઠળ પહેલા એક સેમિનારનું આયોજન કર્યું. આ સેમિનારમાં વક્તાઓ સિલિકોસિસ વિશે ખુલ્લેઆમ જુઠ્ઠાણા ફેલાવતા હતા. એક ઉદ્યોગપતીએ કહ્યું કે રસ્તા પરની ધૂળ પણ સિલિકોસિસનું કારણ બની શકે છે. સિલિકોસિસ માટે ઉદ્યોગ જવાબદાર નથી. પછી તેઓએ એવો પણ વિરોધ કર્યો કે કામદારોને દારૂ પીવાની આદત છે જે સિલિકોસિસ નહીં પણ તેમના સ્વાસ્થ્યને અસર કરે છે.

બાદમાં, માલીકોના સંગઠને એક મેડિકલ કેમ્પનું આયોજન કર્યું. એવું જાહેર કરવામાં આવ્યું કે કેમ્પ ત્રણ દિવસ માટે ચાલશે. પહેલા દિવસના અંતે, તેઓએ એક પ્રેસ નોટ બહાર પાડી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મેડિકલ કેમ્પમાં ઘણા કામદારોની તપાસ કરવામાં આવી હતી પરંતુ સિલિકોસિસનો એક પણ કેસ મળી આવ્યો ન હતો! થાનગઢમાં સિલિકોસિસ પીડિતોને આશ્ચર્ય થયું, થોડા ચિંતિત નાગરિકો, કામદારો અને સ્વયંસેવકોએ તપાસ કરવાનું નક્કી કર્યું. બીજા દિવસે, તેઓ પોતાની તપાસ કરવાની માંગ સાથે કેમ્પની મુલાકાત લીધી. પરંતુ તેમને તપાસ માટે એસોસિએશન ઓફિસ પાસેથી પૂર્વ મંજૂરી મેળવવાનું કહેવામાં આવ્યું. કામદારોને શંકા હતી કે આ બધી બનાવટ છે. તેઓએ એવા લોકો વિશે પૂછપરછ કરી જેઓ પહેલાથી જ તબીબી તપાસ માટે ત્યાં રાહ જોઈ રહ્યા હતા. તેમને આશ્ચર્ય થયું કે રાહ જોઈ રહેલા કેટલાક બિન-કામદારો હતા અને કેટલાક કામદારો હતા પરંતુ સિલિકાના સંપર્કમાં આવ્યા ન હતા. તેથી, તેઓએ આયોજકો પર બૂમો પાડવાનું શરૂ કર્યું અને કેમ્પ બંધ

કરવાની માંગ કરી. બાદમાં, પ્રતિનિધિમંડળે મામલતદાર (બ્લોક ઓફિસર)ની મુલાકાત લીધી અને રજૂઆત કરી. ત્યારબાદ મામલતદારે એસોસિએશનના નેતાઓને નોટિસ ફટકારી. મીડિયાએ ગંભીર નોંધ લીધી અને નકલી મેડિકલ કેમ્પ વિશે વાર્તાઓ ફેલાવી. તેમના કાર્યક્રમ દુઃખદ અંત આવ્યો.

**ગુજરાત માનવ અધીકાર પંચ સમક્ષ ફરીયાદઃ**

બાબુભાઈ અને તેમના પત્ની ચેતનાબેન, બંને એક જાણીતા સિરામિક ફેક્ટરીમાં નોકરી કરતા હતા. આ દંપતીને ફેક્ટરી પરિસરમાં રહેવા માટે એક ઓરડો આપવામાં આવ્યો હતો. બાબુભાઈની તબિયત બગડતી ગઈ અને સારવાર છતાં કોઈ સુધારો થયો નહીં. તેઓએ 3 મહિના રાહ જોઈ અને પછી એક નિષ્ણાત પાસે ગયા જેમણે તેમને સીટી સ્કેન માટે રીફર કર્યા. સીટી સ્કેન રિપોર્ટના આધારે, તેમને સિલિકોસિસ હોવાનું નિદાન થયું. તેમણે મેનેજમેન્ટને જાણ કરી. મેનેજમેન્ટે તેમને બીજા વિભાગમાં ટ્રાન્સફર કર્યા. અત્યાર સુધી, તેમનો પગાર બેંકમાં જમા થતો હતો પરંતુ હવે, તેઓ તેમને રોકડમાં ચૂકવવાનું શરૂ થયું. મેનેજમેન્ટનું વલણ બદલાઈ ગયું હતું અને દંપતીને શંકા હતી કે તેમને કાઢી મૂકવામાં આવશે. દંપતીને  એક માનસિક રીતે વિકલાંગ દીકરી છે જેની સંભાળ તેમની મોટી ચીંતા છે. કેટલાક અંગત કારણોસર, ચેતનાબેનને થોડા દિવસ માટે રજા લેવી પડી હતી જે બાબત તેમણે અગાઉથી જાણ કરી હતી. પરંતુ, જ્યારે તેણીએ ફરજ પરત આવ્યા, ત્યારે સુપરવાઇઝર દ્વારા તેણીને કહેવામાં આવ્યું કે તેણીની સેવાઓ સમાપ્ત કરવામાં આવી છે. તેથી, તેણીએ માલિક સામે ફરિયાદ કરી જેણે તેણીસાથે દુર્વ્યવહાર કર્યો અને તેણીને ફરજ પર આવવા દેવાનો ઇનકાર કર્યો. જ્યારે તેણીએ તેના પતિને જાણ કરી, ત્યારે તેને આઘાત લાગ્યો અને હતાશ થઈ ગયો. તેની તબિયત અચાનક બગડી અને શ્વાસ લેવામાં તકલીફ પડી. તેણી તાત્કાલિક તેને હોસ્પિટલમાં દાખલ કરવા માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગઈ જ્યાં તેણીએ કેસની જાણ કરી. હોસ્પિટલે તેને મેડિકો-લીગલ કેસ માનીને પોલીસને જાણ કરી. બીજા દિવસે, પોલીસ હોસ્પિટલમાં આવી અને તેણીને નિવેદન માટે બીજા માળે બોલાવી. જ્યારે તેણી ત્યાં ગઈ, ત્યારે તેણીએ જોયું કે ફેક્ટરી સુપરવાઇઝર અને તેના સાથીદાર ત્યાં હતા અને તેમણે તેણીને પોલીસમાં ફરિયાદ ન નોંધાવવા વિનંતી કરી પરંતુ ચેતનાબેન મક્કમ રહ્યા. ત્યારબાદ, ફેક્ટરીના માલિક એક મહિલા પોલીસ અધિકારી સાથે ત્યાં હાજર થયા. પોલીસ અધિકારીએ ચેતનાબેનને ફરિયાદ ન નોંધાવવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો. જ્યારે ચેતનાબેન પાછી ન હટી, ત્યારે તેણીએ તેણીને ભયંકર પરિણામોની ધમકી આપી. તે દરમિયાન, બીજો પોલીસ કોન્સ્ટેબલ ઉપરના માળે દાખલ બાબુભાઈ પાસે ગયો, તેમને કાગળ પર સહી કરવા કહ્યું, અને કહ્યું કે તમારી પત્ની ફરિયાદ ન નોંધાવવા માટે સંમત થઈ છે! તેમણે પોલીસ પર વિશ્વાસ કરીને કાગળ પર સહી કરી. પરંતુ તેમની સાથે છેતરપિંડી થઈ. તેમને નિવેદન વાંચવા પણ દેવામાં આવ્યું નહીં કે ફોટો પણ લેવા દેવામાં આવ્યો નહીં.

જ્યારે ચેતનાબેનને આ છેતરપિંડી વિશે ખબર પડી, ત્યારે તેમણે લડવાનું નક્કી કર્યું. બાબુભાઈને હોસ્પિટલમાંથી રજા આપી દીધી. દંપતી રાત્રે ૧૦.૩૦ વાગ્યે પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવા માટે ગયા. પોલીસ સંમત ન થઈ. દંપતીએ તેમની માંગણી પૂર્ણ ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં જ રહેવાનું નક્કી કર્યું. રાત્રે ૧ વાગ્યે બાબુભાઈની તબિયત બગડી ગઈ અને તેમને ફરીથી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

બીજા દિવસે, તેણી ફરીથી પોલીસ સ્ટેશન ગઈ પરંતુ પોલીસે ફરિયાદ નોંધવાનો ઇનકાર કર્યો. ત્યારબાદ તેણીએ PTRCનો સંપર્ક કર્યો અને મદદ માંગી. PTRC કોઓર્ડિનેટર ચિરાગે તેણીને DGP અને અન્ય ઉચ્ચ અધિકારીઓને નકલ સાથે ઓનલાઈન ફરિયાદ નોંધાવવામાં મદદ કરી.બાદમાં તેણીએ ગુજરાત માનવ અધિકાર આયોગમાં પણ ફરિયાદ નોંધાવી.

આ પ્રયાસોના પરિણામે, તેમને ફેક્ટરી પરિસરમાં રહેવાની મંજૂરી આપવામાં આવી. મેનેજમેન્ટે વળતર આપવા માટે પણ વાટાઘાટો કરી. કાયદાની જોગવાઈઓ હેઠળ તેમને મળવાની રકમ કરતાં ઘણી ઓછી હોવાથી, તેઓએ સ્વીકારવાનો ઇનકાર કર્યો.પાછળથી તેમને સમાધાન થઇ ગયું, દંપતીને મોટી રકમ વળતર પેટે મળી અને દંપતીએ મોરબી છોડીને બીજે વસવાટ કર્યો.

ફેક્ટરી ઇન્સ્પેક્ટરે નોકરીદાતા સામે ફેક્ટરી એક્ટની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ કોર્ટમાં ઘણી ફરિયાદો દાખલ કરી.

**ફીઝીયોથેરાપી કેંપ:**




જ્યારે સંસ્થાએ સિલિકોસિસના દર્દીઓને ફિઝીયોથેરાપી પૂરી પાડવાની શક્યતા તપાસવા માટે મોરબીની સિવિલ હોસ્પિટલમાં ફિઝીયોથેરાપિસ્ટની મુલાકાત લીધી, ત્યારે અમને રાજકોટમાં ફિઝીયોથેરાપી કોલેજનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી. ચિરાગે ત્યારબાદ કોલેજના ડીન સાથે વાત કરી અને પછી કોલેજની મુલાકાત લીધી. કોલેજ દ્વારા એક કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. કોલેજે સંસ્થાને મોરબી નજીક નવી શરૂ થયેલી ફિઝીયોથેરાપી કોલેજનો સંપર્ક કરવામાં મદદ કરી. 1 જાન્યુઆરીએ મોરબીની કોલેજમાં કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. રાજકોટ કોલેજના વિદ્યાર્થીઓ લંગ ફંકશન ટેસ્ટ કરવા મશીન લઇ આવે, ટેસ્ટ કરે અને કાઉન્સેલિંગઆપશે તેમ નક્કી થયું. સંસ્થા વિદ્યાર્થીઓ માટે બસ ભાડું ચૂકવવા સંમત થઇ. સ્થાનિક કોલેજે દરેક માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરી. 1 જાન્યુઆરીએ થાન, ધ્રાંગધ્રા અને મોરબીથી 40 દર્દીઓ આવ્યા. તે બધાના લંગ ફંકશન ટેસ્ટ કરવામાં આવ્યા અને પછી સમજાવ્યું કે કઈ કસરત તેમને મદદ કરી શકે છે. સ્પાયરોમીટરના ઉપયોગનું નીદર્શન પણ બતાવવામાં આવ્યું અને તેમને સ્પાયરોમીટર ખરીદવાની સલાહ આપવામાં આવી.

બીજા દિવસે અમે મોરબીની સિવિલ હોસ્પિટલના ફિઝીયોથેરાપી વિભાગની મુલાકાત લીધી જેમણે અમને રાજકોટ કોલેજનો સંપર્ક કરવાની સલાહ આપી હતી. અમે તેમની મદદ અને સલાહ બદલ તેમનો આભાર માન્યો. ચર્ચા દરમિયાન અમે તેમને જણાવ્યું કે દર્દીઓને સ્પાયરોમીટર વાપરવાની સલાહ આપવામાં આવી છે પરંતુ તેઓ તેને ખરીદી શકતા નથી. તેમણે તાત્કાલિક તેના ભાવ જાણવા માટે વેપારીનો સંપર્ક કર્યો. વેપારીએ તેમને જથ્થાબંધ ખરીદી પર ભારે ડિસ્કાઉન્ટ ઓફર કર્યું. ત્યારબાદ તેમણે એક દાતાનો સંપર્ક કર્યો અને તેમને 100 સ્પાયરોમીટર દાન કરવા માટે કહ્યું. દાતા તરત જ સંમત થયા. ઓર્ડર આપવામાં આવ્યો અને 2 દિવસમાં 100 સ્પાયરોમીટર પૂરા પાડવામાં આવ્યા. અમે ધ્રાંગધ્રા, થાનગઢ અને મોરબીમાં સિલિકોસિસ પીડિતોને તેનું વિતરણ કર્યું.



**ઇ એસ આઇ સર્વે:**

યોજના મુજબ, અમે સર્વે પર કામ કરવાનું શરૂ કર્યું. અમે પ્રશ્નાવલી ડિઝાઇન કરી જે શક્ય તેટલી સરળ રાખવામાં આવી. અંતિમ સ્વરૂપ આપતા પહેલા ફિલ્ડ ટેસ્ટ હાથ ધર્યા અને અંતિમ સ્વરૂપ આપ્યા પછી, તે છપાવવામાં આવ્યા. વાસ્તવિક પડકાર

કામદારોને ઉત્તરદાતાઓ બનવા માટે સંમત કરવાનો હતો. શરૂઆતમાં સર્વે માટે સ્વયંસેવકો શોધવામાં  ઘણો સમય ગયો. અમે કોલેજોની મુલાકાત લીધી અને કેટલાક કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાત કરી અને તેમને સારી રકમની ઓફર કરી પરંતુ અમને કોઈ મળ્યું નહીં. પછી અમે કેટલાક કામદારો અને કેટલીક NGO સાથે વાત કરી. શરૂઆતમાં તે ખૂબ જ નિરાશાજનક હતું પરંતુ અમે વિવિધ વ્યૂહરચનાઓનો પ્રયાસ કરતા રહ્યા અને અંતે, અમે સફળ થયા.

અમે 1000 ફોર્મ ભરવામાં સફળ થયા છીએ. લક્ષ્ય 2,000 સુધી પહોંચવાનું છે.

માહિતી અધીકાર કાયદા હેઠળ માગેલી માહિતીની વિગત નીચેના કોઠામાં કોઇ શકાશે. અમે કુલ ૧૧ જેટલી અરજીઓ કરી..

| અનુ | કોની સમક્ષ અરજી દાખલ કરી | તારીખ | શી માહિતી માગી |
|---|---|---|---|
| ૧ | કારાવિ નીગમ, લોકલ ઓફીસ, મોરબી | 02/09/24 | મોરબી જીલ્લામાં કારાવિમ કાયદા હેઠળ સુચીત વિસ્તારોની માહિતી. મોરબી જીલ્લામાં કારાવિ કાયદા હેઠળ નોંધાયેલ એકમો, વ્ય.રોગો માટે ચુકવાયેલ અપંગતા લાભની આંકડાકીય માહિતી |
| ૨ | સીવીલ હોસ્પીટલ, મોરબી | 04/09/24 | સીલીકોસીસ અંગે આંકડાકીય માહિતી |
| ૩ | સીવીલ હોસ્પીટલ, રાજકોટ | 20/09/24 | સીલીકોસીસ અંગે આંકડાકીય માહિતી અને સીલીકોસીસ કમીટીની માહિતી |
| ૪ | સીડીએચઓ, મોરબી | 20/09/24 | સીલીકોસીસ કમીટી |
| ૫ | સીડીએચઓ, રાજકોટ | 20/09/24 | સીલીકોસીસ કમીટી |
| ૬ | મહાત્મા ગાંધી હોસ્પીટલ, સુરેંદ્રનગર | 30/09/24 | સીલીકોસીસ અંગે આંકડાકીય માહિતી અને સીલીકોસીસ કમીટીની માહિતી |
| ૭ | આસી. કમીશ્નર ઓફ લેબર, મોરબી | 07/10/24 | સીલીકોસીસ મ્રુત્યુ સંદર્ભે આવેલા દાવાની સંખ્યા, નકારવામાં આવેલા દાવાની સંખ્યા અને કારણો |
| ૮ | કારાવિ નીગમ, લોકલ ઓફીસ, મોરબી | 28/01/25 | મોરબી જીલ્લામાં કારાવિ કાયદા હેઠળ નોંધાયેલ એકમોની યાદી અને તેમણે જમા કરાવેલ રીટર્નની નકલ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ઔ.સ અને આરોગ્ય કચેરી, મોરબી | 6/02/25 | સીલીકોસીસ હોય તો ૧૦૦% અપંગતા ગણે વળતર ચુકવવા અંગેના ગુજરાત હાઇકોર્ટના ચુકાદા સંદર્ભે કેલ કાર્યવાહી. |
| ૧૦ | સીવીલ હોસ્પીટલ, રાજકોટ | 18/02/25 | સીલીકોસીસ અંગેની આંકડાકી માહિતી, સીલીકોસીસ કમીટીના સભ્યોના નામ, સીલીકોસીસ કમીટીની માળેલી બેઠકોની વિગત |
| ૧૧ | કલેક્ટર, મોરબી | 25/02/25 | સીલીકોસીસ કમીટીની બેઠકોની મીનટસની નકલ |



## તાલીમઃ

રાજસ્થાનની સંસ્થા “પ્રયાસ” દ્વારા એશિયન હેલ્થ નેટવર્કના સહયોગથી ચિરાગને "હેલ્થ ઇક્વિટી કોર્સ - 2024" માટે પસંદ કરવામાં આવ્યો હતો. 60 થી વધુ ઉમેદવારોએ આ કોર્સમાં ભાગ લેવા માટે અરજી કરી હતી. યોગ્ય પ્રક્રિયા પછી, ચિરાગની પસંદગી કરવામાં આવી હતી. પ્રયાસ એ આરોગ્ય અધિકારો પર કામ કરતી એક જાણીતી સ્વૈચ્છિક સંસ્થા છે.

આ કોર્સ 12 નવેમ્બર 2024 થી 22 નવેમ્બર 2024 દરમિયાન જયપુર ખાતે યોજવામાં આવ્યો હતો

અભ્યાસક્રમનો ઉદ્દેશ્યઃ સામુદાયીક ગતિશીલતા દ્વારા આરોગ્યક્ષેત્રે અસમાનતાને દૂર કરવા અને અનુકૂળ આરોગ્ય સંભાળ નીતિઓ ઘડાય તે માટે અસરકારક માંગ ઉભી કરવા માટે યુવા નેતાઓ તૈયાર કરવા જેથી મફત, ગુણવત્તાયુક્ત અને જવાબદાર આરોગ્ય સંભાળ બધા માટે ઉપલબ્ધ અને સુલભ બને..

## રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ કરેલી ફરીયાદોઃ

રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ ૧૭ સપ્ટેમ્બરના રોજ મોરબી જિલ્લા માટે અને ૧૮ સપ્ટેમ્બરના રોજ સુરેન્દ્રનગર જિલ્લા માટે નવી ફરિયાદો દાખલ કરવામાં આવી.

**માધ્યમોમાં પીટીઆરસીઃ**

અહેવાલના વર્ષમાં માધ્યમોમાં ૨૦ જેટલા અહેવાલો પ્રગટ થયા. ૪ અહેવાલો ઇલેક્ટ્રોનીક મીડીયામાં આવ્યા.

| અનુ | માધ્યમનું નામ | | મથાળું | તસ્વીર |
|---|---|---|---|---|
| ૧ | દીવ્ય ભાસ્કર | 14/9/24 | સીલીકોસીસ અંગે વળતર લેવામાં ફાંફા | <br>સૌરાષ્ટ્ર પુલઆઉટ 14-09-2024<br>નિયમની આંટીઘૂંટી અને રોગ સિલિકોસિસ અંગે અજ્ઞાનતાના લીધે શ્રમિકને વળતર લેવામાં ફાંફાં |
| ૨ | દીવ્ય ભાસ્કર | 17/09/24 | એક મહીનામાં બીજું મોત |  |
| ૩ | દીવ્ય ભાસ્કર | 12/09/24 | સીરામીકમાં ૬ મહીનામાં ૧૫ મોત | <br>12/09/24 Divya Bhaskar<br>સિરામિક ઉદ્યોગમાં મજૂરો પર જોખમ, 6 માસમાં વધુ 15 દર્દીનો ભોગ લેવાયો |
| ૪ | દીવ્ય ભાસ્કર | 13/09/24 | પરપ્રાંતીય કામદારોની નોંધણી જ ન કરે | <br>સૌરાષ્ટ્ર પુલઆઉટ 13-09-2024<br>સિલિકોસિસથી મોત બાદ વળતર ન ચૂકવવું પડે એટલે પરપ્રાંતીય શ્રમિકોની નોંધણી જ ન કરે |
| ૫ | ફુલછાબ | 10/09/24 | સીરામીકમાં ૬ મહીનામાં ૧૫ મોત |  |
| ૬ | દીવ્ય ભાસ્કર | 20/09/24 | મોરબીમાં એક પણ યુનીટમાં મેડીકલ ઓફીસર જ નથી |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | દીવ્ય ભાસ્કર | 21/09/24 | મોરબીમાં શ્રમીકોના આરોગ્યની ચકાસણી થતી નથી |  |
| ૮ | દીવ્ય ભાસ્કર | 01/10/24 | સારવાર માટે માગણી |  |
| ૯ | દીવ્ય ભાસ્કર | 02/10/24 | કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્ર |  |
| ૧૦ | દીવ્ય ભાસ્કર | 11/10/24 | થાનગઢમાં સીલીકોસીસ રોગનું ચેકીંગ કરવામાં ગેરેરીતીની રજુઆત |  |
| ૧૧ | અમુલ્ય ગુજરાત | 11/10/24 | ગેરરીતીના આક્ષેપો |  |
| ૧૨ | લોક સમસ્યા | 28/10/24 | પીટીઆરસી દ્વારા એન એચ આરસીમાં કરેલ ફરીયાદ બાદ કામદારોને ફાયદો |  |
| ૧૩ | દીવ્ય ભાસ્કર | 04/12/24 | મોરબી સીરામીકમાં કામદારોને સલામતીના સાધન આપવામાં આવતા નથી |  |
| ૧૪ | વાત્સલ્યમ સમાચાર | 24/10/24 | પોલીસની સહાયથી કામદારને ધમકાવતા માલીક |  |
| ૧૫ | શ્વેત સમાચાર | 11/01/25 | થાનગઢમાં પ્રસરતો સીલીકોસીસ |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | દીવ્ય ભાસ્કર | 11/11/24 | થાનગઢમાં સીલીકોસીસ કેંપમાં ગેરરીતી |  |
| ૧૭ | Divya Bhaskar | 10/01/25 | મોરબી સીવીલમાં પલ્મોનોલોજીસ્ટની જરૂરીયાત |  |
| ૧૮ | મોરબી મીરર | 14/01/25 | સીલીકોસીસના દર્દીઓની પેંશનની માગણી |  |
| ૧૯ | Divya Bhaskar | 29/01/25 | સીલીકોસીસ દર્દીઓને ઓક્સીજન મશીન અપાયા |  |
| ૨૦ | વાત્સલ્યમ સમાચાર | 09/02/25 | કાયદાના અમલ માટે વધુ અસરકારક અધીકારીની નીમણુંક કરવા સીલીકોસીસ પીડીતોની માગ |  |
| ૨૧ | જીટીપીએલ ન્યુઝ ચેનલ https://youtu.be/I7srUuCLUoE?si=FycZbtQUHQG_JLIK | 14/10/24 | સુરેંદ્રનગર કલેક્ટર સમક્ષ રજુઆત |  |
| ૨૨ | જીટીપીએલ ન્યુઝ ચેનલ https://www.youtube.com/watch?v=JCuwUUpxcM4 | 10/11/24 | માલીકોના એસોસીએશન દ્વારા મેડીકલ કેમ્પમાં ગેરરીતી |  |
| ૨૩ | જીટીપીએલ ન્યુઝ ચેનલ https://youtu.be/0e69FhmTFGg?si=9yXm_fLnkimPKEue | 8/12/24 | વળતર માટેની માગણી કરતા ચેતનાબેન બાબુભાઇ |  |
| ૨૪ | જીટીપીએલ ન્યુઝ ચેનલ https://youtu.be/4-u1EY_vbnI?si=SBMxpD_a01j-e0qn | 28/01/25 | ફેક્ટરી એક્ટના અમલ માટે જવાબદાર અધીકારી |  |

**અમારી ટીમ:**

PTRC ની ટીમમાં સિલિકોસિસ પ્રોજેક્ટ માટે 3 ફિલ્ડ ઓફિસર છે - મોરબી, થાન અને ધ્રાંગધ્રા ત્રણે સ્થળે એક-એક. અમારી પાસે મોરબીમાં ચિરાગ ચાવડા, થાનમાં દર્શન પરમાર અને ધ્રાંગધ્રામાં નવીન રામાનુજ છે. શ્રી રોહિત પટેલને પાર્ટ ટાઈમ એકાઉન્ટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે જ્યારે નિરંજના પટેલ એકાઉન્ટ્સ જાળવવામાં સ્વૈચ્છિક મદદ કરે છે.